જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૯/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૫૪/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૪,૫૯,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન

## બિનવારસી હાલતમાં મળી આવેલ દસ વર્ષના બહેરા મુંગા છોકરાના વાલીવારસની તપાસ કરી શોધી કાઢતી અમરાઇવાડી પોલીસ

અત્રે વખતે અમરાઇવાડી પોલીસ સ્ટેશન માં કલાક ૨૦/૧૮ ના કંટ્રોલ મેસેજ આધારે અમરાઇવાડી દેવીકૃપા સોસાયટી માં રહેતા બુલંદભાઇ દયાશંકર શર્મા નાઓને તેમની સોસાયટી ના કોમન પ્લોટ આગળ એક અજાણ્યો છોકરો ઉ.વ.૧૦ ના આશરા નો બિનવારસી હાલત માં મળી આવતા તેને અત્રે પોલીસ સ્ટેશન લાવતા જાણવા મળેલ કે તે બેહરો મુંગો હોય જેથી સદરી બાબતે પોલીસ ઇન્સપેકટર શ્રી અમરાઇવાડી પોલીસ સ્ટેશન ના હુકમ આધારે ઇન્વે સ્કોડ માં ફરજ બજાવતા અ.હેડ કોન્સ. મુકેશભાઇ જીવણભાઇ બ.નં.૪૯૧૨ નાઓએ તાત્કાલીક સદરી બિનવારસી મળી આવેલ છોકરા ના ફોટા વાળુ બ્રોડકાસ્ટ તૈયાર કરાવી અમદાવાદ શહેર ના તમામ પોલીસ સ્ટેશન તથા તમામ કચેરી તથા શાખા માં ઇ-મેઇલ મારફતે મોકલી સદરી છોકરા ના વાલી વાસર ની તપાસ માં રહી મળી આવે થી અત્રે પોલીસ સ્ટેશન જાણ કરવા જણાવેલ તથા સદરી ગુમ થનાર છોકરા ને પોતાના ખાનગી મોટર સાયકલ પર બેસાડી અ.હેડ કોન્સ. મુકેશભાઇ તથા તેમની સાથે ના અ.પો.કો.આશિષકુમાર તથા અ.પો.કો.દાનાભાઇ એ રીતે તેઓ તમામે સદરી છોકરા ના વાલી વારસા ની તપાસ કરતા સદરી છોકરા ના પિતાજી મહેબુબઆલમ રોજન સોનારા ઉ.વ.૩૮ ધંધો.રી.ડ્રા. રહે-સકરા કાજી ની ચાલી ઝુલતા મીનારા રોડ ગોમતીપુર અમદાવાદ શહેર મુળ વતન – પોસ્ટ – સકરપારા ,સોનોરામ સિધ્ધાર્થનગર ધરમસિંઘવા ઉત્તર પ્રદેશ નાઓ મળી આવતા સદરી છોકરા નુ નામ પુછતા સદરી છોકરા નુ નામ ઇરશતઆલમ ઉ.વ.૧૦ નો હોવાનુ જણાવતો હોય અને સદરી છોકરો તેમનો હોવાનો જણાવતો હોય અને સદરી છોકરા નુ તથા પોતાના આધાર પુરાવા રજુ કરતા સદરી આધાર પુરાવા ની ખાતરી તપાસ કરી સદરી છોકરા ને તેના પિતાજી ને સોંપવા માં આવેલ છે.



# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## મિલ્કત તથા શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે. પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-3 સાહેબ તથા ઈન્ચાર્જ મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ખાચર નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા જીગરભાઇ સ/ઓ ભરતભાઇ ધુળાભાઇ જાતે પટણી ઉ.વ.૨૫ રહે.મ.નં.૨૫૯, પઠાણની ચાલી, અંબેમાતાના મંદિરની બાજુમાં, ગોમતીપુર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) ઓઢવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૦૦૬૯૭/૨૦૨૦ ઈપીકો કલમ ૩૭૯(એ)૪, ૧૧૪ મુજબ તથા નં.(૨) શહેરકોટડા પોલીસ સ્ટેશન.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪ ૧૨૧૧૮૨૪/ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪, ૪૨૭ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(3) ગોમતીપુર પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૨૦૫૫૬/૨૦૨૨ ઇપીકો કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા /૮૩૫/૨૦૨૨ તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૫/૦૯/૨૦૨૨ ના કલાક ૧૯/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ, લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૬૨ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૭/૨૦૨૨**

**વાડજઃ** ધરમભાઇ પોપટભાઇ ચૌહાણ (રહે. ઉમિયાનગર સોસાયટી ઘનશ્યામનગર સોસાયટી સામે મંગલદિપ સ્કુલની બાજુમા નવા વાડજ) એ તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૨ કલાક ૧૨/૦૦ થી તા.૧૪/૦૯/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૮/૨૦૨૨**

**નારણપુરાઃ** ગૌરવભાઇ રાજેન્દ્રકુમાર મારવાહ (રહે. ભદ્રેશ્વર ફલેટ અંકુર ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૨ કલાક ૧૧/૦૦ થી કલાક ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા એ/૩ ભદ્રેશ્વર ફલેટના ડ્રોઇન્ગ રૂમમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઇ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને પરચૂરણ કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દરબાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૯/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** જિતેન્દ્ર વિષ્ણુભાઈ શેળકે (ઉ.વ.૩૨) (રહે. બાપાલાલ કડીયાની ચાલી પોટલીયા તળાવ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ રીવરફ્રન્ટના પશ્ચીમ કિનારે ઘાટ નંબર-૮ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**સરખેજઃ** નરેન્દ્રભાઇ ગણેશભાઇ મકવાણા (ઉ.વ.૩૩) (રહે.ચામુંડાનગર તલાવડી પાસે ધોળકા રોડ નવી ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી